કરોડોની ઉચાપતનો માસ્ટર માઈન્ડ મોહન પટેલ ઝડપાયો

ધી બાયડ તાલુકા પંચાયત કર્મચારી ધીરાણ ગ્રા.મં. લીમાં ૧.૪૫ કરોડ કરોડની થઇ હતી ઉચાપત

બાયડ, તા. ૧૫

ધી બાયડ તાલુકા પંચાયતના કર્મચારીઓની ધિરાણ અને સહકારી મંડળીના રૂ.૧.૪૫ કરોડના ઉચાપત કૌભાંડની પોલીસ ફરિયાદ ૧૭ એપ્રિલ ૨૦૧૭ માં બાયડ પોલીસ સ્ટેશને કરોડો રૂપિયાનું બારોબારીયું કરનાર રામપુરા કંપા-વસાદરાના અને મંડળીમાં માનદ સહમંત્રી મોહનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ સહીત અન્ય વ્યક્તિઓ સામે ઉચાપતનો કેસ નોંધાયાની જાણ થતાની સાથે મોહન પટેલ ફરાર થઇ ગયો હતો. બાયડ પોલીસે અનેક જગ્યાએ છાપા માર્યા હતા તેમ છતાં સતત ૩ વર્ષથી પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. બાયડ પોલીસે બાતમીદારો મારફતે સતત વોચ ગોઠવી હતી ત્યારે બુધવારે મોહન પટેલ ઘેર હોવાની બાતમી મળતા તાબડતોડ તેના ઘરે ત્રાટકી દબોચી લીધો હતો. કરોડોના કૌભાંડીનો કોરોના ટેસ્ટ કરાવવા બાયડ પોલીસે તજવીજ હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના

માર્ગદર્શન હેઠળ ગુન્હા આચરી નાસતા-ફરતા આરોપીઓ જીલ્લા પોલીસતંત્રના હાથે ઝડપાઈ રહ્યા છે. બાયડ પી.આઈ એન.જી. ગોહિલ અને તેમની ટીમે વર્ષ-૨૦૧૭માં ધી બાયડ તાલુકા પંચાયત કર્મચારીઓની ધિરાણ અને સહકારી મંડળીમાં રૂ.૧૪૫૭૪૨૨૦ની ઉચાપત કરી મંડળી અને બેંક સાથે વિશ્વાસઘાત કરનાર માસ્ટર માઈન્ડ મોહન વિઠ્ઠલ પટેલને ત્રણ વર્ષ પછી બાતમીના આધારે તેના રામપુરા કંપા-વસાદરા ગામેથી ઝડપી લેતા મોહન પટેલના મોતિયા મરી ગયા હતા. ત્રણ વર્ષ પછી પોલીસના હાથે ચડેલ મોહન પટેલનો કોવીડ ટેસ્ટ કરાવી કોરન્ટાઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કરોડોના ઉચાપત કૌભાંડમાં માનદ્ સહમંત્રી મોહન પટેલ ઝડપાઈ જતા કરોડો રૂપિયાના કૌભાંડનું ભૂત ફરીથી ધુણ્યું છે. આ કૌભાંડમાં મુખ્ય આરોપી ઝડપાતા આ કૌભાંડમાં સામેલ લોકો સામે પણ ગાળીયો મજબૂત થાય તેવા સંકેત મળ્યા છે.

સુપ્રસિદ્ધ શામળાજી મંદિરને નુકશાનની ભીતિ

શામળાજી નજીક ને.હા.નં- ૮ પહોળો કરવા ડુંગર કટિંગ માટે બ્લાસ્ટ કરાતા ભૂકંપના આંચકાનો અહેસાસ

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ ને વર્ષો પછી સીક્સ લેન બનાવવાની કામગીરી નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા પુરજોશમાં ચાલી રહી છે અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે થી પસાર થતા ને.હા.નં-૮ ને પહોળો કરવા ડુંગર પર બ્લાસ્ટ કરી કટિંગ કરવામાં આવી રહ્યો છે ને.હા.નં-૮ કટારાએ જણાવ્યું હતું.

શામળાજી પંથકમાં ને.હા.નં-૮ ને સિક્સલેન બનાવવાની કામગીરી માથાના દુખાવા સમાન બની રહી છે ડુંગર કટિંગ કરવા કરવામાં આવતા બ્લાસ્ટને લીધે સતત શામળાજી પંથકમાં ધરા ધ્રુજી રહી છે બુધવારે રાત્રે શામળાજી બસ સ્ટેન્ડ નજીક

નજીક અતી પૌરાણિક વિશ્વ સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર આવેલું છે શામળાજી નજીકના ડુંગરનું કટિંગનું કામ દરમિયાન બ્લાસ્ટ કરવામાં આવતા સતત ધરા ધ્રુજતા શામળાજી મંદિરને નુકશાન થવાનો ભય પેદા થતા હાઈવે ઑથોરિટી દ્વારા ડુંગર તોડવા જે રીતે બ્લાસ્ટ કરાઈ રહ્યો છે તે બંધ કરવા જીલ્લા કલેક્ટર પાસે માંગ કરી રહ્યા છે શામળાજી નજીક થતા બ્લાસ્ટથી મકાનોમાં તિરાડ પડી રહી છે તે જોતા શામળાજી મંદિરને પણ નુકશાન થવાનો ભય હોવાનું ડેપ્યૂટી સરપંચ દિલીપ ડુંગર કટિંગ કરવા માટે ડુંગરની અંદર મોટા પ્રમાણમાં હોલ પાડી કેમિકલ બ્લાસ્ટ કરતાં ધડાકાભેર વિસ્ફોટ કરતા શામળાજી પંથક વિસ્તાર ધ્રુજી ઉઠતા લોકો ભૂકંપ સમજી ઘરની બહાર દોડી આવ્યા હતા ઘર અને દુકાનોમાં માલસામાન પણ નીચે પડી ગયો હતો. ને.હા.નં-૮ ને અડીને આવેલ સુપ્રસિદ્ધ શામળાજી મંદિરને પણ બ્લાસ્ટની કામગીરીથી ખતરો પેદા થયો છે. શામળાજીના લોકોએ જે રીતે રોડ પહોળો કરવા બ્લાસ્ટ કરાઈ રહ્યો છે તેનો શખ્ત વિરોધ નોંધાવવા તજવીજ હાથધરી છે

કાંકરેજ તાલુકાના ભારતીય કિસાન સંઘ દ્વારા ગાંધીનગર ખાતે ધરણાં કાર્યક્રમમાં જતાં પોલીસ દ્વારા અટકાયત

કાંકરેજ, તા. ૧૫

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ભારતીય કિસાન સંઘ દ્વારા ગાંધીનગર ખાતે ધરણાં કાર્યક્રમ યોજવામાં હતા અને પોતાની માંગો માટે વિરોધ પ્રદર્શન કર્યું હતું જોકે ભારતીય કિસાન સંઘના પ્રમુખ તરીકે વાઘાભાઇ રમાભાઇ પટેલ તેમજ મંત્રી તરીકે મફાભાઇ રાજપૂતે ખાત્રી આપી હતી કે ખેડૂતોની માગણીઓ સરકાર સુધી પહોંચાડવા માટે ખાત્રી આપી હતી જેમાં પોષણ ભાવ વીજ બિલ તેમજ અન્ય રીતે

આવ્યો હતો ત્યારે કાંકરેજ તાલુકાના ખેડૂતો પોતાની માંગો સરકાર અને તંત્ર સાથે વાત કરવા માટે જતા હતા ત્યારે પાટણ શિહોરી હાઈવે રોડ ઉપર આવેલ કંબોઈ પાસે ૫૦ જેટલા ખેડુતો ને શિહોરી પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો ત્યારે અટકાયત કરવામાં આવ્યા હતા. રોડ પર બેસી ગયા દેસાઈ તેમજ અન્ય ખેડૂતોએ આ માધ્યમને ધ્યાનમાં રાખીને યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી. જેમાં પોલીસે શિહોરી પોલીસ સ્ટેશનમાં લાવીને મુક્ત કરતાં કાંકરેજ તાલુકા મામલતદાર કચેરી ખાતે એમ.ટી. રાજપૂતને આવેદનપત્ર આપ્યું હતું જેમાં કાંકરેજ મામલતદાર એમ.ટી. ખેડૂતોની માંગણીઓ સરકાર તરફથી નિર્ણય લેવામાં નહિ આવે તો ગાધી ચિંધ્યા માર્ગે જવાનો વારો આવશે, જેમાં શિહોરી પીએસઆઈ એસ.વી. આહીર તેમજ પોલીસ સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવીને ખેડૂતોને અટક કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી.

ટેટ-ટાટ શિક્ષક ભરતીમાં અન્યાય અટકાવવા જગ્યા વધારો ખૂબ જરૂરી : અકબર હાલાણી

હજારો શિક્ષક ઉમેદવારોને વગર વાંકે ઉમેદવારી ગુમાવવાનો ડર

બાયડ, તા. ૧૫

અત્રે ઉલ્લેખનીય છે કે લગભગ ૧૦૦૦ દિવસ પહેલા નાયબ મુખ્યમંત્રીએ 'શિક્ષક ભરતી' ની જાહેરાત કરી હતી પરંતુ ત્યારે ભરતી પ્રક્રિયા શરૂ ન થઈ, ત્યારબાદ છેલ્લે ઓક્ટોબર-૨૦૧૯માં શિક્ષણમંત્રીએ ફરીવાર પ્રેસનોટ દ્વારા જાહેરાત કરેલ પરંતુ ત્યારે જીઆરના કારણે અચાનક ભરતી પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી અને હવે લગભગ વધુ એક વર્ષ પછી શરુઆત થવા જઈ રહી છે. તો આ સમયગાળા દરમિયાન હજારો ઉમેદવારોની નવી શૈક્ષણિક ડિગ્રીનો ઉમેરો થવાથી જુના ઉમેદવારોને પોતાની ઉમેદવારી અને અંતિમ તક ગુમાવવાનો ડર સતત અનુભવે છે. કારણ જો આ ભરતી જીઆરના કારણે એક વર્ષ વિલંબ ન થયો હોત તો તેમની પાસે પૂરતી તક હતી. ઉપરાંત આ વર્ષે લગભગ અઢી લાખ જેટલા વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાંથી સરકારી શાળાઓમાં સ્થળાંતર પણ થયા હોવાથી વર્ગ વધારો પણ થયો છે. અગાઉ શિક્ષકોની ખૂબ જ માત્રામાં કમી હતી અને ૩૧/૫ અને ૩૧/૧૦ બે તબક્કામાં નિવૃત્ત શિક્ષકોની પણ જગ્યાઓ ઘણી ખાલી પડી છે. તો ગુજરાતના તમામ શિક્ષક બેરોજગારો દ્વારા સરકારને સતત વિનંતી અને રજૂઆત કરવામાં આવી રહી છે કે જુના ઉમેદવારોને થતો અન્યાય અટકાવવા ૩૧/૧૦ની નિવૃત્ત સંખ્યા તેમજ વર્ગ વધારાની સંખ્યા બંનેનો ઉમેરો કરી એટલે કે જગ્યાઓ વધારો કરીને સત્વરે શિક્ષક ભરતી પૂર્ણ કરવામાં આવે.

કોરોના વાઈરસની મહામારી દરમિયાન અવનવા માસ્કના વેચાણમાં ધરખમ વધારો

દેશ-વિદેશમાં કોરોના વાઈરસની મહામારીના કારણે ધંધા-રોજગાર છેલ્લા કેટલાક સમયથી પડી ભાગ્યા છે. આગામી સમયમાં હજુ પણ ધંધા-રોજગાર પુર્વવત બની શકે તેવી શક્યતાઓ ઓછી જોવા મળે છે. હાલના સમયમાં અનેક ધંધા-રોજગાર પડી ભાગવાના કારણે કેટલાય વેપારીઓએ તેમના ધંધા-રોજગાર બદલવાની ફરજ પડી છે. વધુ વેચાતા માસ્કની અનેક પ્રકારની અવનવી વેરાયટીઓના માસ્કનું બજારોમાં ઠેર-ઠેર ધુમ વેચાણ થઈ રહ્યું છે.

કાણોદર નજીક ટ્રકની ટકકરથી બાઈકચાલકનું મોત

પાલનપુર, તા. ૧૫

પાલનપુરના કાણોદર નજીક માર્ગ અકસ્માતની ઘટનામાં એક યુવકનું મોત થતાં અરેરાટી મચી ગઈ છે. બુધવારે સવારના સમયે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. પાલનપુરના કાણોદર નજીક હાઈવે પરથી પસાર થતાં બાઈક ચાલકને અકસ્માત નડતાં યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ છે. આ તરફ પાલનપુર પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અંગે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના કાણોદર નજીક સવારે માર્ગ અકસ્માતની ઘટના બનવા પામી છે. પાલનપુર-અમદાવાદ હાઈવે પરથી પસાર થતાં બાઈક ચાલક અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો સહિત વાહન ચાલકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. ઘટનામાં બાઈક ચાલકનું મોત થતાં પાલનપુર તાલુકા પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે પાલનપુર સિવિલમાં મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસામાં ૧.૧૦ લાખના વિદેશી દારૂનો નાશ

ગાંધીજીના ગુજરાતમાં દારૂબધી હોવા છતાં છાશવારે વિદેશી અને દેશી દારૂ ઝડપાઇ રહ્યો છે. પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ આ દારૂના જથ્થાનો સમયાંતરે કાયદાની જોગવાઈ મુજબ નાશ કરવામાં આવે છે ત્યારે ગુરુવારે ડીસા નાયબ કલેકટર એચ. એમ. પટેલ, ડીસા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કુશલ ઓઝા, ડીસા તાલુકા પી. આઈ. એમ. જે. ચૌધરીની ઉપસ્થિતિમાં ડીસા તાલુકા પોલીસ દ્વારા ઝડપી પાંડવામાં આવેલ વિદેશી દારૂ ના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો જેમાં વિદેશી દારૂની બોટલ નંગ ૫૪૬૨૨ ઉપર બુલડોઝર ફેરવી તેનો નાશ કરવામાં આવ્યો હતો.

નવલી નવરાત્રિ મહોત્સવના શુભારંભ ટાણે ઠેર-ઠેર ગરબાનું વેચાણ

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રિ મહોત્સવના શુભારંભ ટાણે ઠેર-ઠેર માતાજીના ગરબાનું વેચાણ શરૂ થઈ ગયું છે. આ વર્ષે કોરોના વાઈરસની મહામારીના કારણે શેરી ગરબા સહિત નવરાત્રી પર્વમાં થતા ગરબા પર પ્રતિબંધ રાજ્ય સરકાર ધ્વારા સલામતીના ભાગરૂપે મુંકાયો છે. માંઈભક્તો નવરાત્રિની ઉજવણી તેમના નિવાસ સ્થાને માતાજીનું સ્થાપન કરે છે. માંઈભક્તોમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે. નવરાત્રિ પર્વમાં માટીના માટલાને લાલ રંગથી રંગાયેલ હોય તેને માતાજીનો ગરબો કહેવાય છે. નવલી નવરાત્રિમાં માતાજીની આરાધનામાં ગરબો શ્રધ્ધાના પ્રતિક તરીકે વપરાય છે. આ વર્ષે કોરોના વાઈરસની મહામારી હોઈ નવરાત્રિ પર્વની ઉજવણી પર પ્રતિબંધ મુંકાયો છે. નવરાત્રિ પર્વ નિમિત્તે માતાજીના ગરબા તરીકે જાણીતા એવા લાલ રંગના તૈયાર ગરબા બજારોમાં ઠેર-ઠેર વેચાણ શરૂ છે. નવલી નવરાત્રી મહોત્સવના તહેવારને કોરોના વાઈરસનું ગ્રહણ લાગ્યું હોઈ ત્યારે ઉત્સાહી યુવાનો, ખૈલેયાઓ, ગરબા રસિકો અને નવરાત્રિ મંડળના આયોજકો ભારે મુંઝવણમાં મુંકાયા છે.

પ્રાંતિજ કોર્ટ દ્વારા ચેક રિટર્ન કેસમાં મહત્વનો ચુકાદો

ચેક રિટર્નના કેસમા આરોપીને એક વર્ષની કેદ અને દંડ ફટકારતી પ્રાંતિજ કોર્ટ

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાતિજ જ્યુડિશ્યલ કોર્ટે ચેક રિટર્નના એક કેસમાં આરોપીને એક વર્ષની કેદ અને સાડા ત્રણ લાખનો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત એવી છે કે પ્રાતિજ તાલુકાનાં સલાલ ગામના મયંકકુમાર આણંદલાલ શાહ સલાલ માર્કેટ યાર્ડમા ખેતપેદાશની લે-વેચનો ધંધો કરતાં હતાં. જેથી પ્રાતિજ તાલુકાનાં પલ્લાચર ગામના ખેડૂત પંકજકુમાર ભગાભાઇ પટેલ પણ પોતાની ખેતપેદાશ મયંકકુમાર પટેલને ત્યાં વેચાણ કરતા હતા. તેઓ વચ્ચે મિત્રતાભર્યા અને વિશ્વાસજન્ય સંબંધો કેળવાયેલા હતા. દરમ્યાન તા.૧૧-૨-૨૦૧૩ના રોજ મયંકકુમાર શાહે અનાજનો મોટો જથ્થો ખરીદ કરેલ. જેથી તેઓને તાત્કાલિક બે લાખની જરૂરિયાત ઉદભવતા મયંકકુમાર શાહે પંકજકુમાર પટેલ પાસેથી બે લાખ હાથઉછીની રકમ તરીકે એક માસના વાયદે લીધાં હતા.

મયંકકુમાર શાહે તા.૪-૩-૧૩ના રોજની સલાલ સર્વોદય સહકારી બેંક- સલાલ શાખાનો બે લાખનો ચેક આપ્યો હતો. જે ચેક અપૂરતાં ભંડોળના કારણે પરત થતા નોટીસ આપી હતી. તેમ છતાં તેઓએ હાથઉછીની રકમ પરત ન કરતા પંકજકુમાર પટેલે મયંકકુમાર શાહ વિરુદ્ધ પ્રાંતિજ કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસમાં ફરિયાદી પંકજકુમાર ભગાભાઇ પટેલ તરફે એડવોકેટ ખાલીદભાઈ કારકૂને સુપ્રિમ કોર્ટે અને હાઈકોર્ટના ચુકાદા રજુ કરી ધારદાર દલીલો કરતાં તેઓની દલીલો ધ્યાને લઈ પ્રાંતિજના એડીશનલ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક બી.જી. સોલંકીએ આરોપી મયંકકુમાર આણંદલાલ શાહને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની અને રૂપિયા ત્રણ લાખ પચાસ હજારનો દંડ ફટકાર્યો હતો. તો દંડની રકમમાંથી રૂપિયા એક લાખ પચાસ હજાર ફરિયાદી પંકજકુમાર ભગાભાઇ પટેલને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે.

''બેટી બચાવો બેટી પઢાવો'' વિષય અંતર્ગત

''પપ્પાનું પારેવડું'' ફોટો સ્પર્ધામાં ડીસાના સેવાભાવીની રાજ્ય કક્ષાએ પ્રથમ હરોળમાં પસંદગી

ડીસા

અમદાવાદ ટાગોર હોલ પાલડી ખાતે મહિલા અને બાળ વિકાસ અમદાવાદ જિલ્લા દ્વારા " બેટી બચાવો બેટી પઢાવો " અંતર્ગત "પપ્પાનું પારેવડુ " વિષયને લઈ દીકરી અને પિતાની ભાવનાત્મક ફોટોગ્રાફ સ્પર્ધાનું સમગ્ર ગુજરાત કક્ષાએ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સમગ્ર ગુજરાતમાંથી ૭૦૦ ફોટોગ્રાફ હરીફાઈમાં આવેલા. તેમાંથી માત્ર પાંચ ફોટોગ્રાફસની પસંદગી કરવામાં આવેલી. તેમાં ડીસાના સેવાભાવી બળદેવભાઈ રાયકા (પ્રેસિડેન્ટ - ગુજરાત રાયકા કલબ - ડીસા અને ગુજરાત સભ્ય - બેટી બચાઓ બેટી પઢાઓ ચેરીટેબલ ટ્રસ્ટ)ના ફોટોગ્રાફસની ગુજરાતમાં પ્રથમ કક્ષાની પસંદગી થયેલ .તેના અનુસંધાને ગુજરાત સરકારના બાળ વિકાસ અને મહિલા વિભાગના મંત્રી વિભાવરીબેન દવે, અમદાવાદ કલેકટર સંદીપ

સાંગલે અને અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ટાગોર હોલ પાલડી - અમદાવાદ ખાતે બળદેવભાઈ રાયકા અને મહેશભાઈ મનવરને એકસેસ પિતા તરીકે "બેટી બચાવો બેટી પઢાવો" મોમેન્ટો, સન્માન પત્ર અને ટ્રોફી આપી જોરદાર અને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા અને બાળ વિકાસ અમદાવાદ જિલ્લા દ્વારા સદર કાર્યક્રમનો હેતુ બેટી બચાવો બેટી પઢાઓ અને દીકરીને સ્વતંત્રતા એ વિષયનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો હતો.

ડીસા તાલુકાના પાલડી ગામના ગ્રામજનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

રેલવે વિભાગ દ્વારા બંધ કરાયેલ રસ્તો ખુલ્લો કરાવા કરાઈ રજુઆત

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના વિકાસશીલ પાલડી ગામથી ભીલડી અને જસાલીથી મધ્યમાં આવેલા ત્યાંથી રેલવે લાઈન નીકળતી હોય રેલવે

વિભાગ દ્વારા ખેડૂતોના ખેતરમાં જવાનો રસ્તો બંધ કરી દેવાતા ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. ખેડૂતોને પોતાના ખેતરમાં જવા માટે તેમજ ખેત પેદાશો લઈ જવા ક્રોસિંગ નંબર ૪૬ની સુવિધા આપી હતી જેમાં ભીલડી તથા જસાલી ગામની મધ્યમાં ફાટક નંબર ૪૬ અને ૪૫ ફાટકોની વચ્ચે આવેલ રસ્તો રેલવે વિભાગ દ્વારા છેલ્લા બે માસથી બંધ કરી નાખેલ છે જે અને આ માર્ગ બંધ થવાથી ગામના ૧૭ જેટલા ખેડૂત પરિવારો પોતાના ખેતરમાં જઈ શકતા નથી તેમજ ખેતીના કામકાજમાં પણ નથી ઉપરાંત તેમના રહેણાંક મકાનો ત્યાં આવેલા હોઈ ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે. હાલમાં ખેતીની સિઝન હોય જેથી ખેડૂતો દ્વારા ખેતરમાં અવાર નવાર જવું પડતું હોય છે. આ ઉપરાંત માંદગી જેવા કપરા સમયે દર્દીને દવાખાને લઈ જવા લાવવા માટે કોઈ વાહનવ્યવહાર પણ આ માર્ગે બંધ થઈ જતા મુશ્કેલી ઉભી થવા પામી છે. આ બાબતે પાલડી ગ્રામજનો તથા ખેડૂતો દ્વારા અગાઉ પણ લાગતા વળગતા તમામ અધિકારીઓને તથા સમક્ષ રેલવે ઓથોરિટી ને લેખિતમાં અને મૌખિકમાં રજૂઆત કરવામાં આવી છે. રેલવે વિભાગના વરિષ્ઠ અધિકારીની કચેરી અમદાવાદ ખાતે પણ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે તેમ છતાં કોઈપણ નક્કર પગલા આજ સુધી લેવામાં આવેલ નથી. આ રસ્તો છેલ્લા બે માસથી બંધ હોય અને ખેડૂતો અને ગ્રામજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે તેમજ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

જેથી બુધવારે પાલડી ગામના સરપંચ પતિ બાબુભાઈ પરમાર તથા પાલડી ગ્રામજનો સાથે મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહીને જિલ્લા કલેકટરને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી અને ભીલડીથી જસાલી રેલવે ફાટક નં. ૪૬ને તાત્કાલિક અસરથી ખુલ્લો કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી અને જો પંદર દિવસમાં રસ્તો ખુલ્લો કરવામાં નહી આવે તો તમામ ખેડૂતો પોતાના પરીવાર સાથે જિલ્લા કલેકટર કચેરી સમક્ષ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

માલપુર જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશન અને સહિયરે કોરોના વોરિયર્સને મોમેન્ટો આપી સન્માનીત કર્યા

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં કોરોનાની મહામારીમાં પોતાની

તેમજ પરિવારની ચિંતા કર્યા વિના કામ કરતા કોરોના વૉરિયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું જાયન્ટ્સ ગ્રૂપ માલપુર અને જાયન્ટ્સ સહિયર દ્વારા રક્ષેશ્વર મહાદેવ ખાતે કોરોના વાઈરસના સન્માનનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો, જેમાં ડૉક્ટર્સ, નર્સ, એમ્બ્યુલન્સ કર્મચારીઓ, સામાજિક કાર્યકરો તેમજ પત્રકારોને મૉમેન્ટો આપીને સન્માનિત કરાયા હતા. રક્ષેશ્વર મહાદેવ મંદિરના હૉલ ખાતે આયોજિત કાર્યક્રમમાં જાયન્ટ્સ માલપુરના પ્રમુખ રમેશ સોની, જાયન્ટ્સ ઝોન એકના જાયરેક્ટર વિઠ્ઠલભાઈ પટેલ, ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, હાલાજી વણઝારા, રમણભાઈ પટેલ, અતુલ સુથાર, ચંદ્રેશ ભાટિયા સહિયરના પ્રીતિબેન સોની, દક્ષાબા, ઉર્વશીબેન ભાટિયા, ઝોન પ્રમુખ નિલેશ જોશી, જાયન્ટસ મોડાસાના પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, માલપુર-મોડાસા જાયન્ટ્સ પરિવારના સદસ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લૉકડાઉનના અમલ તેમજ છલ્લા છ મહિનાથી કૉરોના વૉરિયર્સ તરીકે કામ કરતા લોકોને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમનું આયોજન જાયન્ટ્સ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.